

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*પ્હોંચી ગયો 'સંઘ' કાશી રામજી કી માયા હૈ!*
*આજ કી બાત નહીં હૈ, 'ઉન્નીસ' કા પાયા હૈ!*
*ખાયા બહુત બંને હાથ મેં લાડુ લે કર -*
*ચેત 'મલેચ્છંદર' ગોરખ કા યોગી આયા હૈ!*

હાઈકુ

*એક કાંકરે,*
*મારી નાખ્યાં અનેક*
*પંખી ના ઝૂંડ...*

*આવ્યા મેદાને -*
*ને કરી કૃપા રામે -*
*મંદિર વિના !!*

### ચિંતન

**કા બરસા સબ કૃષિ સુખા નેં, સમય ચૂકેં પુનિ કા પછિતાને**

ઉપરોક્ત દોહો રામાયણમાંથી લેવામાં આવેલ છે.

ખેતી સુકાયા પછી વરસાદથી શો ફાયદો ? સમય ચૂક્યા પછી પસ્તાવું શું કામ નું?

કેટલાંક લોકોની ટેવ હોય છે કે તેઓ કોઈ પણ બાબતમાં ત્વરિત અને ચોક્કસ નિર્ણય લઈ શકતા નથી, હંમેશા દ્વિધાના ઝૂલે હિંચકા ખાય છે આમ કરૂં કે તેમ! નિર્ણય લીધા પછી પણ ગડમથલ તો ચાલ્યા જ કરે, પાંચને પૂછે પછી પણ અનિર્ધિત જ રહે - દા,ત. તરીકે બહેનો, સાડી ખરીદવા જાય ત્યારે કલાકો પછી ત્રણ ચાર સાડી કઢાવે - એમાંથી માંડ એક પસંદ કરે તે પણ ઘેર લાવ્યા પછી પણ બદલવાની તો હોય જ! આવી અસંમજશ પરિસ્થિતિ પોતાને અને આસપાસનાને માટે દુ:ખકર હોય છે.

નિર્ણય લેવામાં, પરિણામો અને પશ્ચાપ અસર તો જરૂર વિચાર કરવો જોઈએ પણ ત્વરિત - અને મક્કમ નિર્ણય લીધા પછી તેને વળગી રહેવું જોઈએ. 'પછી' - જોઈએ 'ભગવાન ભરોસે' - ચાલનારાં લોકો જીવનમાં પસ્તાય છે.

### સુવિચાર

- મુક્ત મન જ સત્ય શોધી શકે - **ફ્રેડરિક નિત્સે**
- જિંદગીની ગુણવત્તા કેટલા વરસ જીવ્યા એનાથી મપાતી નથી, એક દિવસ પણ આત્મદીપના અજવાળામાં જિવાયો હોય તો પણ બસ છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- જગતના દરેક જીવને ખુશી વ્હાલી છે, જે પોતાની ખુશી માટે બીજા જીવને મારે છે તે કયારેય ખુશ રહી શકતો નથી - **બુદ્ધ**
- સર્વસ્વનો સ્વીકાર એ માનવતાનું શ્રેષ્ઠ પાસું છે - **જન્મભૂમિ**
- અહંકાર હજારો માથાંવાળો છે. એના માથાં કપાઈ જાય, છતાં નવાં નવાં જન્મતા જ રહે છે - **રજનીશ**
- ચિત્તની સર્વવૃત્તિઓ ઉલેચાઈ જાય તે ધ્યાન છે. ચિત્તના સર્વવિષયોનો લય વિચારની સમાપ્તિએ ધ્યાન છે - **ધ્યાનસૂત્ર**
- આજનું ઔષધ : શેકેલા ચણા ઉપર ગરમ પાણી પીવાથી બેસી ગયેલો અવાજ ખૂલે છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

માણસે હંમેશા હકારાત્મક વિચાર અને દષ્ટિથી બધી બાબતોને મૂલવવી જોઈએ તો કંકાસ કે મનદુ:ખ નહીં થાય. ઉલ્ટું શાતા અને આનંદની પ્રાપ્તિ થશે.

કેળાં અને મરચાં વેચનારાની બે લારી બાજુ બાજુમાં ઊભી હતી. વેચનાર મિત્રો હતા.

એવામાં કોઈ પૂજારી કેળાંની લારીમાંથી વાતો કરાવી બે-ત્રણ કેળાં સેરવી ગયો. મરચાંને વાચા ફૂટી અને કેળાંને કહ્યું - જોયું ! પેલો પૂજારી તમારાં જ બે-ત્રણ ભાઈભાડુંનું અપહરણ કરી લઈ ગયો - તમારો મીઠો અને પોચટ સ્વભાવનું આ પરિણામ છે. અમારા જેવો તીખો સ્વભાવ હોય તો કોઈ હાથે ન અડકે!

કેળાનું વડીલ બોલ્યું - ભાઈ એ પૂજારી અવારનવાર અમારા માલિકને પ્રસાદી આપવા આવે છે. ચોરી ગયો છે એની પ્રસાદી એમાં ઘી-ખાંડ ભભરાવશે અને મુરલીધર મંદિરનો પ્રસાદ બની ભાગ્યશાળી થશે ! એમાં ખોટું શું છે? જયારે તને તો કોઈ લઈ જશે ગરમ તેલના તાવડામાં તતડાવશે એમાં મીઠું - મરચું પણ ભભરાવશે - તારી પીડાથી તો હું થથરી જાઉં છું... કેળાનાં જવાબથી મરચું સમસમી ગયું. ધમધમાટ શાંત થઈ ગયો.

# દંતકથારૂપ ગઝલનવેશની વિદાય

**તંત્રીસ્થાનેથી...**

ચિનુ મોદીના અવસાનથી ગુજરાતી સાહિત્યમાં એક જ ન પુરાય એવો અવકાશ સરજાય છે. છેલ્લા પાંચ દાયકાથી તેઓએ સાહિત્યની દુનિયામાં એકમેવ - અદ્વિતીયમ્ જેવી નોખી હસ્તી તરીકે ઓળખ જમાવી હતી. એમની તદન નિખાલસ જીવનશૈલી અને સ્પષ્ટવાદિતાને કારણે એમને એક તરફ અદ્દ્ભૂત અને અપૂતપૂર્વ લોકપ્રિયતા સાંપડી હતી તો બીજી તરફ એ રૂઢિચુસ્ત જુનવાણી સમાજની કડવી ટીકાનો પણ ભોગ બન્યા હતા. સાહિત્યજગતમાં પણ એમની પ્રબળ સિસૃક્ષા અને ક્રિએટિવીટી છતાં એમની ભારે ઉપેક્ષા થતી રહી. પરંતુ એની લેશ પણ પરવા કર્યા વગર છેક જીવનના અંતિમ તબક્કા સુધી એમની કલમ એક ધારી ચાલતી રહી અને અવનવા પડાવ આંબતી રહી. એમણે સવિશેષ પ્રદાન ગુજરાતી ગઝલ ક્ષેત્રે કર્યું છે, પરંતુ નાટ્યક્ષેત્રે પણ એમનું પ્રદાન એટલું જ સંતર્પક અને મહત્ત્વપૂર્ણ રહ્યું છે. કવિતાને સાંગોપાંગ આત્મસાત્ કરનાર આ 'સંપૂર્ણ સર્જક'નું દીર્ઘકાવ્યથી લઈ સૉનેટ જેવા પ્રશિષ્ટ કાવ્ય પ્રકારમાં યાદગાર બલકે ચિરંજીવ કામ રહ્યું છે. છેલ્લે છેલ્લે એમણે મણિલાલ નભુભાઈના આત્મવૃત્તાંતની યાદ તાજી કરાવે એવી નિખાલસ આત્મકથા આપીને વિદાય લીધી. 'કાળો અંગ્રેજ' જેવી નવલકથા અને કેટલીક ચોડકૂટ વાર્તાઓ ઉપરાંત ચિનુ મોદીએ વિવેચનક્ષેત્રે પણ કાર્ય કર્યું હતું. તેઓ ઉત્તમ સાહિત્યકાર ઉપરાંત સારા પત્રકાર અને કટારલેખક પણ હતા. કવિ લાભશંકર ઠાકર સાથે 'રે મઠ' ની ક્રાંતિકારી ટોળકીના આ સદસ્યે લાઠાની પાછળ વિદાય લઈને મૈત્રી જ નિભાવી છે. અંગત જીવનમાં અનેક ચડાવઉતાર અનુભવનાર આ સર્જકને ગુજરાતી ભાષામાં જ નહીં બલકે ઉર્દૂમાં પણ એટલી જ આયાયેશની સર્જક કરવાનું સદ્દ્ભાગ્ય સાંપડ્યું હતું. નિદા ફાજલી જેવા વરિષ્ઠ ઉર્દૂ શાયરો સાથેનો એમનો ઘરોબો ગુજરાતી-ઉર્દૂના સાયુજ્યમાં પરિણમ્યો હતો. ગુજરાતી સાહિત્યમાં 'ગઝલપુરુષ'ની આગવી ઓળખ ધરાવતા ચિનુ મોદીએ 'ઈર્શાદ' ઉપનામ ધારણ કર્યું હતું એની પાછળ પ્રેમ ખાતર ધર્મ છોડવાની ખુદારીનું પ્રકરણ પડેલું છે. 'વાતાયન', 'ઈર્શાદગઢ' અને 'ઈનાયત'ના આ ગઝલનવેશની વિદાયથી ગુજરાતી સંસ્કારજગત રાંક બન્યું છે. છેલ્લા ત્રણ દાયકા દરમિયાન ભાગ્યે જ કોઈ મોટો મુશાયરો થયો હશે જેમાં આ મહાન ગઝલકારની હાજરી ન હોય. એમનાં 'જાલકા' અને 'અશ્વમેધ' જેવાં નાટકો પણ ગુજરાતી નાટ્યસાહિત્યનું ઘરેણું ગણાશે. આ સર્જકને પ્રજાએ તો ખૂબ લાડ લડાવ્યાં - કહી શકાય કે મેઘાણી અને રમેશ પારેખ પછી કોઈ ગુજરાતી સર્જકને આટલી લોકપ્રિયતા સાંપડી હશે કે કેમ તે સવાલ છે. ગુજરાતનું ધાવણું છોકરું પણ 'ચિનુકાકા'ને ઓળખતું હતું. 'અસાઈત સાહિત્યસભા'ના આજીવન પ્રમુખ તરીકે કાર્યરત રહેનારા આ સર્જક ગુજરાતની સાહિત્યક્ષેત્રે ચાલતી મામકા: રાજનીતિથી આજીવન સલામત અંતર જાળવતા રહ્યા. સાહિત્યજગતનાં શ્રેષ્ઠ પારિતોષિકોથી લાંબા સમય લગી વંચિત રહેલા ચિનુ મોદીને મોડે મોડે મોરારિ બાપુ પ્રેરિત ગુજરાતી સાહિત્યનો કવિતા માટેનો નરસિંહ મહેતા એવોર્ડ એનાયત થયો હતો અને ગુજરાત સાહિત્ય અકાદમીએ એમનું ગૌરવ એવોર્ડથી પણ સન્માન કર્યું હતું. પરંતુ ચિનુ મોદી આવા પારિતોષિકો કરતાં વિશેષ એમની પાણીદાર ગઝલો અને નાટકોની યાદ રહેશે.

# તારો ઉદ્ધાર તારી જાતે જ કરવાનો છે

*પરિણામની પરવા કર્યા વગરનુ કાર્ય ,*
*કોઈપણ પ્રકારની અપેક્ષા વગરનો પ્રેમ,*
*લોકોની પરવા કર્યા વગર કરેલું નૃત્ય.*

ઉપરની આ ત્રણ વસ્તુ જે બિન્દાસ્તપણે કરી શકે તે સાચા અર્થમાં જીવન જીવી શકે. જે માત્ર કામ કરે છે અને પરિણામની ચિંતા નથી. નિરપેક્ષ પ્રેમ કરી શકે છે અને 'લોકો શું કહેશે' ની ચિંતા કર્યા વગર બિન્દાસ્ત થઈને નાચી શકે તે જ જીવનને માણી શકે છે. મનષ્યનો સ્વભાવ જ તેના સારા-નરસા જીવન માટે જવાબદાર હોય છે કાર્ય જીવનનો પાયો નાખતુ હોય છે. તમે કયારેય મહેનતકશ વ્યકિતને નિરાશ થતો જોયો છે ? એક મજાનો પ્રસંગ સાંભળો :

સાહિઠેક વર્ષની એક વ્યકિત મકાન બાંધકામના વ્યવસાય સાથે સંકળાયેલી હતી. હવે પહેલાંની જેમ તે સખત મજૂરી કરી શકતો નહોતો. તેને હવે બાકીની જિંદગી નિરાંતથી પોતાના પુત્ર/પૌત્રો સાથે વિતાવતી હતી. તેથી તેણે પોતાના માલિક-કોન્ટ્રાકટરને પોતાને છૂટા કરવા વિનંતી કરી. કોન્ટ્રાકટર માટે આ કડિયો ખૂબ જ મહત્ત્વનો માણસ હતો. લગભગ આખુ જીવન આ મનુષ્યે કોન્ટ્રાકટર માટે કામ કર્યું હતુ. કોન્ટ્રાકટર માટે આવા નિષ્ઠાવાન કડિયાનું નિવૃત્ત થવું એ ઉદાસીપૂર્ણ ઘટના હતી.

કોન્ટ્રાકટરે સહેજ ખચકાટ સાથે કડિયાને વિનંતી કરી. ''તુ જરૂરથી નિવૃત્ત થઈ શકે છે, પરંતુ હું ઈચ્છું છું કે નિવૃત્ત થતાં પહેલાં એક છેલ્લી વખત તું મને એક છેલ્લું મકાન બાંધી આપ.''

માલિકના આગ્રહને તે ''ના'' ન કહી શકયો. પરંતુ તેનુ મન કામમાં નહોતું. જેમ તેમ વેઠ ઉતારીને તેણે કામ પુરુ કરવા માંડયું. તેને હવે બસ, ગમે તેમ કરીને છૂટા થવું હતું. મકાનનું બાંધકામ પૂર્ણ થયું. તેના માલિક કોન્ટ્રાકટરે નિરીક્ષણ કર્યું. અને ત્યારબાદ મકાનની ચાવી કડિયાને આપતાં કહયું, ''આ હવેથી તારું ઘર છે. તારા જીવનભરના કાર્ય બદલ હું તને મારા તરફથી ભેટ આપવા ઈચ્છતો હતા.''

કડિયાને સખત આઘાત લાગ્યો ! તેને પોતાની જાત માટે ભારે શરમ ઉપજી! જો તેને પહેલેથી ખબર હોત કે પોતાનું જ મકાન બનાવી રહયો છે, તો તેણે વધુ દિલ દઈને કામ કર્યું હોત !

કોઈપણ કામ કરતી વખતે એ શ્રેષ્ઠ બને, ઉત્તમ બને.મારી તમામ શકિત ખર્ચીને હું તેને ઉત્તમ બનાવીશ. Excellannce ના લેવલ સુધી લઈ જવું પડે. દરેક જિંદગીનું ઘડતર જાતે જ કરવાનું હોય છે.

''ઉધ્ધરે દ્દાત્મ આત્માનામ્ ન આત્માનામ અવશાદયેત્'' ભગવાન કૃષ્ણએ પોતાના મુખે કહયું છે કે તારો ઉધ્ધાર તારી જાતે જ કરવાનો છે. કોઈ અન્ય તે કરવાનું નથી. ''તસ્માદ્ ઉત્તીષ્ઠ કૌન્તેય'' તેથી હે યુવાન ઉભો થા. અને તું જે કાંઈ શ્રેષ્ઠ કરી શકે છે બનાવી શકે છે તે વિશ્વને આપ.



## અદબ-પલાંઠી મોં પર આંગળી

ડૉ. સંતોષ દેવકર

આજના યુવાનની કરુણતા એ છે કે કામમાં વેઠ વાળે છે અને ઉત્તમતાની અપેક્ષા રાખે છે પછી નિરાશ થાય છે. બીજા ઉપર આધાર રાખે છે. પરંતુ આપણે જ નકકી કરવાનું છે કે આપણું જીવન એ શ્રેષ્ઠતમ હોય કે વેઠ ઉતારેલું હોય ! જીવનમાં યુ ટર્ન હોતો નથી. એકવાર બની ગયુ, ઘડતર થઈ ગયુ પછી તેની છાપ વર્ષો સુધી રહે છે. ખૂબ મોડું થઈ જાય તે પહેલાં આપણા અભિગમો, પસંદગીઓ અને કાર્યોથી જ આપણી જિંદગી બનવાની છે તેથી આપણું પગલું શ્રેષ્ઠતા તરફનું જ હોવું ઘટે.

**મિસરી**

''હજી મારે ઉત્તમ કૃતિ બનાવવાની બાકી છે.''


**-પાબ્લો પિકાસો**

- santoshdevkar03@gmail.com

# અપૂર્વ અવસર એવો કયારે આવશે? કયારે થઈશું બાહ્યાંતર નિગ્રંથ જો? સર્વસંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને, વિચરશું કવ મહત્પુરુષને પંથ જો?

વીસમી સદીની વિભૂતિઓમાં શ્રીમદ્ રાજચંદ્ર અગ્ર પંક્તિમાં બિરાજે છે... મહાત્મા ગાંધીજીની ધર્મશ્રદ્ધાને દઢ કરનાર શ્રીમદ્ રામચંદ્રનું જીવન ધર્મશ્રદ્ધાને આધ્યાત્મિક પ્રયોગવીરનું જીવન.

તેમનો જન્મ સૌરાષ્ટ્રના વવાણિયા ગામમાં વિ.સં. ૧૯૨૪ની કાર્તિક પૂર્ણિમાએ (૯-૧૧-૧૮૬૭) એટલે કે દેવદવાળીના દિવસે થયો. પિતા રવજીભાઈ તથા માતા દેવબા ધાર્મિક સંસ્કારો ધરાવતા ભક્તિ અને સેવાથી દૈદીપ્યમાન દંપતી હતા.



વિ.સં. ૧૯૩૧માં એટલે કે જન્મના સાત વર્ષ પછી રાયચંદ ભાઈના ગામના વડીલ અમીચંદભાઈનું સર્પદંશથી મૃત્યુ થયું. ત્યારે રાજચંદ્રે 'મૃત્યુ એટલે શું?' એ વિશે દાદાએ પૂછ્યું - દાદાના ઉત્તરથી તેમને સંતોષ ન થયો, આથી લપાતા - છૂપાતા સ્મશાનમાં બે શાખાવાળા બાવળ પર ચડીને તેમણે ભડભડ સળગતી ચિતા જોઈ, તેમણે જોયું કે બાળી મૂકનારા તેમના જ સગાસંબંધી હતા... આ ઘટનાથી તેમના ચિત્તમાં તીવ્ર ગડમથલ થઈ અને આગલા જન્મોનું જ્ઞાન થયું. માત્ર સાત વર્ષની ઉંમરે જાતિસ્મરણ જ્ઞાન થતાં વૈરાગ્ય વધવા લાગ્યો.

સોળ વર્ષની ઉંમરે મોરબીમાં બાર અવધાનનો પ્રયોગ કરી બતાવ્યો. આમા બાર જુદી જુદી બાબતો તરફ એક જ સમયે લક્ષ રાખીને એક પણ ભૂલ વિના બારેય બાબતો કહી બતાવી. બોટાદમાં એક સાતે બાવન અવધાન કર્યા.

ઓગણીસ વર્ષની વયે ઈ.સ. ૧૮૮૭ની ૨૨મી જાન્યુઆરીએ મુંબઈમાં એક જાહેર સભામાં શતાવધા કરીને રાજચંદ્રે સહુને મુગ્ય કર્યા. તે સમયના વર્તમાનપત્રોમાં એના માત્ર સમાચાર નહીં, બલકે આ વિષય પર લેખો લખાયા. મુંબઈની હાઈકોર્ટના મુખ્ય ન્યાધીશ સર ચાર્લ્સ સાર્જન તરફથી એમને યુરોપના દેશોમાં આવવા આમંત્રણ મળ્યું, પરંતુ શ્રીમદ્ રાજચંદ્રએ ન સ્વીકાર્યું.

વિરલ સ્મરણશક્તિની સાથે શ્રીમદ્ રાજચંદ્ર અલૌકિક સ્પર્શેન્દ્રીય શક્તિ પણ ધરાવતા હતા. એક ડઝન જેટલા જુદા જુદા ક્રમમાં તેમના હાથમાં એક પછી એક પુસ્તક બતાવવામાં આવતા. ત્યારબાદ તેમની આંખે પાટા બાંધી દેવામાં આવતા, અને જુદા જુદા ક્રમમાં તેમને પુસ્તકોનો સ્પર્શ કરાવવામાં આવતો. શ્રીમદ્ પુસ્તકના સ્પર્શ અને કદ પરથી પુસ્તકનું નામ આપી દેતા. રસોઈને ચાખ્યા વિના કે હાથ લગાડ્યા વિના માત્ર જોઈને જ કંઈ વાનગીમાં મીઠું છે કે નથી અથવા તો મીઠું ઓછું છે કે વધારે તે કહી આપતા.

અસાધારણ પ્રતિષ્ઠા અને વિપુલ અર્થલાભ આપતી આ બધી પ્રવૃત્તિ આત્માની ઉન્નતિમાં બાધક લાગતાં વીસમાં વર્ષે અવધાતો કરવાનું બંધ કરી દીધું.



## વિચારયાત્રા

ડૉ. જય ઓઝા

સાનંદાશ્ચર્યની વાત એ છે કે ૧૮૯૩માં સ્વામી વિવેકાનંદે શિકાગોમાં ધર્મપરિષદ સંબોધી હતી... એટલે કે આ જ અરસામાં આપણા દેશમાં એવી ત્રણ વિભૂતિઓ અલગ અલગ મંચ પર પોતાના વ્યક્તિત્વના ઓજસ પાથરી રહી હતી, કે જે આગળ જતા વિશ્વને રાહ ચીંધવાના હતા. સ્વામી વિવેકાનંદ, શ્રીમદ્ રાજચંદ્ર તથા મહાત્મા ગાંધીજી, 'પુણ્ય ભૂમિ ભારત.'

Any way back to Point, ગાંધીજી કહે છે કે મારી પણ ત્રણ પુરુષોએ ઊંડી છાપ પાડી છે - ટોલ્સ્ટોય, રસ્કિન અને રાયચંદભાઈ...

ટોલ્સ્ટોયનું, 'વૈકુંઠ તારા હૃદયમાં', રસ્કિનનું 'અન ટુ ધી લાસ્ટ' અને રાયચંદભાઈ સાથેનો પત્ર વ્યવહાર...

૧૮૯૩ની સાલમાં જયારે સ્વામી વિવેકાનંદ હિન્દુ ધર્મનો ધ્વજ વિદેશી ધરતી પર ફહરાવી રહ્યા હતા ત્યારે ગાંધીજી મોહનદાસમાંથી મોહમ્મદ અથવા માઈકલ બની જવાના વૈચારિક સંઘર્ષમાંથી પસાર થઈ રહ્યા હતા.

ગાંધીજીએ તેમના ધર્મને લગતા પ્રશ્નો રાયચંદભાઈનો પત્રમાં જણાવ્યા... રાયચંદરભાઈએ તેમને જણાવ્યું કે, 'હિંદુ ધર્મમાં જે સુક્ષ્મ અને ગૂઢ વિચારો છે, આત્માનું નિરીક્ષક છે, દયા છે, તેવું બીજા ધર્મમાં નથી, તેવી મને પ્રતીતિ થઈ છે.'

શ્રીમદ્ રાજચંદ્રનો આખો દેશ આ બાબતે પણ ઋણી છે. રહેશે કે, તેમના પત્રો અને માર્ગદર્શન થકી ગાંધીજીનું ચલિત મન સ્થિર થયું અને હિંદુ ધર્મમાં તેમની શ્રદ્ધા વધી...

'આત્મ સિદ્ધિ' અને 'મોક્ષમાળા' તેમના બે અદ્દ્ભૂત ગ્રંથ છે...

૯મી એપ્રિલ ૧૯૦૧માં માત્ર ૩૩ વર્ષની ઉંમરે રાજકોટમાં તેઓ સ્વર્ગે સીધાવ્યા.

મહાન વ્યક્તિઓએ આ દુનિયામાં આવીને ઝટપટ કાર્ય સંપન્ન કરીને એક્ઝિટ લઈ લીધી છે. તેઓ જીવનમાં વર્ષો નહીં વર્ષોમાં જીવન ઉમેરીને સમાજને રાહ ચીંધવાનું કાર્ય કરતા જાય છે.

આજે જયારે શ્રીમદ્ રાજચંદ્રની ૧૫૦મી જન્મ જયંતી વર્ષની ઉજવણી થઈ રહી છે, ત્યારે 'યુગપુરુષ' નાટકના માધ્યમથી આ મહાન વિભૂતિના થોડા ઘણા સંસર્ગમાં આવવાનો જે અવસર સાંપડ્યો તે અવર્ણનીય છે... અને 'ગમતાનો કરીએ ગુલાલ' એ ન્યાયે આપ વાચકો સમક્ષ પણ આ વિરલ વ્યક્તિના જીવનના પાસા ઉપસાવવાનો આયાસ કર્યો છે.

'અપૂર્વ અવસર...' આ શ્રીમદ્ રચિત રચનાની પંક્તિ સાથે વિરમું છું.

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# મૃત્યુની ઘટનાને એક સામાજિક અભિયાન સાથે જોડીને ઉત્તમ સામાજિક સંદેશ સમાજમાં પ્રસરાવ્યો

*'શું વાત છે? બેસણામાં ડસ્ટબીન આપ્યા?'*
*'કેટલો ઉમદા વિચાર છે આ પરિવારનો'*

'આ વિચાર તમને આવ્યો એ જ અભિનંદનને પાત્ર છે.' આ અને આવા અનેક વાકયો બોલાયા કે સંભળાયા હતા તાજેતરમાં એક બેસણમાં.

પોતાના જીવનકાળ દરમિયાન કર્મ અને ધર્મના માર્ગ ચાલનાર, મહાગુજરાતની ચળવળના સક્રિય સભ્ય, પરમાર્થી વ્યક્તિત્વ અને પૂજય મોરારિ બાપુની કથાના શ્રોતા અને કથાના સૂત્રોને જીવનમાં ઉતારનારા નરેન્દ્રભાઈ બંસીધરભાઈ દવેનું દુ:ખદ અવસાન થાય બાદ કે.પી.વીલા, સાણંદ રોડ પર એમનું બેસણું હતું.

એમના દીકરી રીટાબહેન નિરંજનભાઈ ત્રિવેદીએ તેમના ભાઈ રાકેશ તથા પરિવારજનો સાથે વિચારણા કરી એક નિર્ણય કર્યો કે બેસણામાં આવે તેમને સ્વચ્છતાનો સંદેશ પ્રસરાવતા ડસ્ટબીન આપવા. એમના પિતાએ કહ્યું હતું, 'મારા મૃત્યુ બાદ કોઈ લૌકીક ક્રિયા કરતા નહિ' એમણે જીવનપર્યંત એમના મન અને શરીરને તથા ઘરને સ્વચ્છ રાખ્યા હતા એટલે સ્વચ્છતા અભિયાન માટે આ નિર્ણય રીટાબેન કર્યો. ડસ્ટબીન પર લખાવ્યું હતું. 'આવો કરીએ સ્વચ્છતાનું નિર્માણ - અસ્વચ્છતાનું નિર્વાણ.'

આમ મૃત્યુની ઘટનાને એક સામાજિક અભિયાન સાથે જોડીને આ પરિવારે ઉત્તમ સામાજિક સંદેશ સમાજમાં પ્રસરાવ્યો હતો.

પરિવારનું મૂળ વતન ભીનમાલ, રાજસ્થાન. રીટાબહેનના દાદા બંસીધરભાઈ માત્ર દસ વર્ષની ઉંમરે દોરી-લોટો લઈને અમદાવાદ આવ્યા... અહીં કોઈ ઓળખે નહીં એટલે અસારવામાં હરિભાઈની વાવ પાસે મુકામ કર્યા. બ્રાહ્મણના દીકરાને શિવાલયમાં પૂજારીના સહાયકનું કામ મળ્યું ને આમ ઠરીઠામ થયા ખાડિયામાં. ગરીબી એવી કે એમના પત્ની પાસે બંગડી ખરીદવાના પૈસા પણ નહિ, તો નાડાછડી બાંધીને સુગાહના પ્રતિકનું ગૌરવ સાચવતા હતા.

પરિવારમાં - ઘરમાં જે મળ્યું તેનો આનંદ હતો... એવામાં એમને મળ્યો હરિભાઈ ગોસળીયા. એમના પૈસા ને બંસીધરભાઈનો પરિશ્રમ... મિલ મિશનરીના સ્પેરપાર્ટસ્નો વ્યવસાય શરૂ કર્યો... દેવોના દેવ મહાદેવની ભક્તિ અને અવિરત મહેનત... જીવનમાં સફળના મળતી ગઈ... પરિવારમાં પાંચ દીકરા અને એક દીકરી હતા એમાંના એક તે નરેન્દ્રભાઈ દવે.

કુદરતે અચાનક દુ:ખ આપ્યું ને હરિભાઈનું અવસાન થયું... બંસીધર ભાઈએ હરિભાઈના ૬ બાળકોને પિતા તુલ્ય વાત્સલ્ય અને હૂંફ આપ્યા... તેમનો ઉછેર કર્યો... આજે એમના સંતાનો અમેરિકામાં છે અને બંસીધરભાઈના સંતાનોના પરિવાર સાથે લાગણીનો એવો જ સંબંધ એમણે સાચવ્યો છે બંસીધરદાદાએ જે મંદિરમાં મૃત્યુ સુધી સેવા કરી એ મંદિરમાં આજે પણ એમના પરિવારના સંતાનો દર્શને નિયમિત જાય છે. આમ આ પરિવારે હંમેશા પરિઓના સંબંધોને જાળવ્યાનું ગૌરવ છે.

રેડક્રોસમાં - સમાજ સેવામાં સક્રિય રહેનાર બંસીધરભાઈ સમાજ-સુધારાના પણ આગ્રણી હતા. ઘરમાં પુત્રવધૂઓ આવી તો લાજ કઢાવવાને બદલે માથે ઓઢવાનું કહીને ઉમેર્યું કે વાણી-વર્તનમાં વિવેક ને મર્યાદા રાખો એ પૂરતું છે. એમણે બાળકોને કર્મનું કૌશલ્યનું કોઠાસૂઝનું શિક્ષણ આપ્યું.



## અજવાળું - અજવાળું

તુષાર જોશી

એમના સંસ્કાર વારસાને નરેન્દ્રભાઈ તથા તેમના પત્ની સરલાબહેન અને અન્ય પુત્રોએ સંવર્ધિત કર્યો. સ્મરણો યાદ કરતા રીટાબહેન કહે છે, 'હું રંગમંચની વિવિધ પ્રવૃત્તિમાંને મહિલા ક્રિકેટમાં ભાગ લેતી ત્યારે પપ્પાનો મને પ્રેમાળ સાથ મળ્યો છે.'

પૂજય મોરારિ બાપુ માટે નરેન્દ્રભાઈને અપાર આદરભાવ. પૂજય બાપુનો ઉતારો એમના ઘરે હોય. અમદાવાદમાં ગુજરાત વિદ્યાપીઠમાં રેલ રાહત ફંડની કથા હતી. રીટાબહેનના મમ્મીએ કથામાં દાનના મહિમા વિશે સાંભળ્યું તો એ સમયે અઢી તોલા સોનાનો દોરો દાન માટેની ઝોળીમાં નાખી દીધો. રીટાબહેન કહે છે 'અમે દાદાને પિતાજીના કર્મ - ધર્મ - પ્રેમના વિચારોને જીવનમાં આચરણમાં મૂકવાનો પ્રયત્ન કરીએ છીએ.'



સામાન્ય રીતે મૃત્યુની ઘટના પરિવારમાં બને એ પછી લૌકિક અને સામાજિક વ્યવહારો ઉપરાંત સ્વજનોને ધાર્મિક પુસ્તકો કે ઓડિયો આલ્બમ કે તુલસી કયારો અપાતા હોય છે પરંતુ અહીં પરિવારના સભ્યોએ સ્વચ્છતાના સદ્દ્ગુણ સાથે જોડીને આ પ્રસંગને એક નોખી-અનોખી ગરિમા આપી હતી.

મૃત્યુ થયા પછી એની સાહજિકતાને સ્વીકારીને સદ્દ્ગતની સ્મૃતિમાં એમને ગમતી વાત - એમના સદ્દ્ગુણોને ઘર-પરિવારમાં -સમાજ જીવનમાં પ્રસારિત કરવાનો પ્રયત્ન થાય એ આવકાર્યા અને પ્રશંસનીય છે. જયારે જયારે આવી ઘટના બને ત્યારે આસપાસ વિચારોમાંથી જીવનની હકારાત્મકતાના દીવડા ઝળહળે છે ને અજવાળા રેલાય છે.

• • •

સ્વચ્છ ભારત અભિયાન માટે દર વરસે માત્ર ૧૦૦ કલાક આપવા હું પ્રત્યેક ભારતીયને અપીલ કરું છું.

**- વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી**